# મોરબી મહાનગરપાલિકા

ગાંધીચોક, મોરબી – ૩૬૩૬૪૧.

E-MAIL – commi-mmc-mor@gujarat.gov.in ટેલીફોન નં.-૦૨૮૨૨-૨૨૦૫૫૧

## ખાનગી મિલકત પરના જાહેરાતના બોર્ડ માટે પરવાનો મેળવવા માટેનું અરજી ફોર્મ

અમો/ હું નીચે સહી કરનાર અમારી પેઢી તરફથી નીચે જણાવેલ ખાનગી માલિકીની જગ્યામાં જાહેરાતના બોર્ડ મુકવા માંગીએ છીએ. પાછળ જણાવ્યા મુજબની જાહેરાત અંગેની તમામ શરતો જાણમાં લીધેલ છે અને તે અમોને કબુલ મંજુર છે.

અરજદારનું નામ:............................................................................................................................

પેઢીનું નામ:............................................................................................................................

સરનામું :............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

મોબાઈલનં.:૧..........................................................૨..........................................................

બોર્ડ મુકવાની જગ્યાનું પુરુ સરનામું

:............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

વોર્ડ નં..........સર્વે નં............એફ.પી.નં.................(જો બોર્ડ ઓપન પ્લોટમાં હોય તો વિગતો દર્શાવવી)

જગ્યાના પ્રથમ કરપાત્ર વ્યક્તિનું પુરુ નામ :............................................................................

સરનામું :............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

............................................................................................................................

બોર્ડનું સ્થળ : (ખુલ્લી જગ્યા / ધાબા ઉપર / દિવાલ ઉપર) ..........................................................

બોર્ડનો પ્રકાર : (સાદુ / પ્રકાશિત / એલ.ઈ.ડી.) : ..........................................................................

બોર્ડની સાઈઝ : લંબાઈ.................. ફૂટ, પહોળાઈ..................ફૂટ, કુલ ક્ષેત્રફળ......................ચો.ફૂટ.

બોર્ડ રાખવાનો સમયગાળો : તા........./........./૨૦....... થી તા........./........./૨૦....... સુધી

લાયસન્સ ફી(વાર્ષિક) :

| ક્રમ | બોર્ડનો પ્રકાર | ફી પ્રતિ ચો.ફૂટ. (તા:૦૧/૦૪/૨૦૨૫ થી) |
|---|---|---|
| ૧ | સાદુ | ૬૦/- રૂ. |
| ૨ | પ્રકાશિત | ૧૪૦/- રૂ. |
| ૩ | એલ.ઇ.ડી. | ૧૮૫/- રૂ. |

(દર નાણાકીય વર્ષના શરૂઆતથી વાર્ષિક ૧૦%નો વધારો લાગુ કરવાનો રહશે)

કુલ ભરવા પાત્ર લાયસન્સ ફી(વાર્ષિક): ______________________________

ઉપરોક્ત વિગતો જાણમાં લઈ બોર્ડ મુકવા માટે જરૂરી પરવાનગી આપવા વિનંતી છે.

1. આ કામે મોરબી મહાનગરપાલિકા દ્વારા નિયત કરવામાં આવેલ નિયમોનુસારની લાયસન્સ ફી ભરપાઈ કરવા અમો/હું સંમત છીએ, તેમજ ભવિષ્યમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા લાયસન્સ ફીમાં સુધારો કરવામાં આવે તો તે મુજબની લાયસન્સ ફીની તફાવતની રકમ ભરપાઈ કરવા અમો સંમત છીએ.
2. વાવાઝોડા, ધરતીકંપ વિગેરે કુદરતી આપત્તિના સંજોગોમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા ટેલીફોનીક / SMS / રૂબરૂ / પત્રથી જાણ કરવામાં આવ્યે, સુચના મુજબના સમયગાળામાં બોર્ડ ઉતારી લેવા અમો સમંતિ આપીએ છીએ.
3. કોઈ કારણોસર બોર્ડ પડવાને કારણે કોઈને ઈજા થાય અથવા કોઈનું મૃત્યુ થાય અથવા માલ-મિલકતને નુકશાન થાય તેવા સંજોગોમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા જણાવ્યા મુજબની રકમ વળતર તરીકે ચુકવવા સંમતિ આપીએ છીએ.

અરજદારની સહી પેઢીના સિક્કા સાથે :........................................................................
અરજદારનું પુરુ નામ : ........................................................................................

**-:મિલકત માલિકની સંમતિ તથા બાહેંધરી:-**

ઉપરોક્ત જગ્યા/મિલકત મારી / અમારી માલિકીની છે તે જગ્યા/મિલકતમાં ધંધાકીય જાહેરાત કરવા અમોએ સંમતિ આપી છે. આ જાહેરાત કરવા મંજુરી આપવામાં આવે તો અમોને કોઈ વાંધો નથી. અરજીમાં દર્શાવેલ તમામ શરતો અમોને પણ કબુલ મંજુર છે. નિયમ મુજબ મંજુરી આપતા લાયસન્સ ફીની રકમ ભરવાની પ્રાથમિક જવાબદારી અમો સ્વીકારીએ છીએ. પુરાવા તરીકે માલિકીના દસ્તાવેજની નકલ/ આ કામના કરારનામાની નકલ / ૭-૧૨ની નકલ સામેલ કરેલ છે.

જગ્યા/મિલકતના માલિકની સહી : ........................................................................................
જગ્યા/મિલકતના માલિકનું પુરુ નામ : ...................................................................................

**ખાનગી જગ્યા / મિલકતમાં જાહેરાતના બોર્ડ મુકવાનો પરવાનો મેળવવાની શરતો:**

ખાનગી જગ્યા/મિલકતમાં જાહેરાતના બોર્ડ મુકવા માટે અગાઉથી દરેક નાણાંકીય વર્ષની ૧લી એપ્રિલ પહેલા નિયત નમુનાના અરજી ફોર્મમાં અરજદારે આધારો સાથે અરજી કરવાની રહેશે.

1. અરજી ફોર્મ સાથે જગ્યાની માલિકી અંગેના દસ્તાવેજની નકલ અથવા આ કામે એડ. એજન્સી અને મિલકતના માલિક વચ્ચે કરાર થયેલ હોય તો કરારની નકલ અને પ્લોટના કિસ્સામાં માલિકી અંગેના દસ્તાવેજની નકલ અથવા ૭-૧૨ની નકલ સામેલ રાખવાની રહેશે.
2. અરજદારે પ્રથમ ત્રણ માસની લાયસન્સ ફીની રકમ અરજીની સાથે જ આપવાની રહેશે. પછીના દરેક ત્રણ માસની લાયસન્સ ફીની રકમ ત્રણ માસનો ગાળો શરૂ થયાના ૧૫ (પંદર) દિવસમાં ભરપાઈ કરવાની રહેશે. ત્રણ માસનો ગાળો શરૂ થયાના ૧૫ (પંદર) દિવસ બાદ જેટલા દિવસ લાયસન્સ ફી લેઈટ ભરપાઈ કરવામાં આવશે તેટલા દિવસનું વાર્ષિક ૧૮% લેખે સાદુ વ્યાજ વસુલવામાં આવશે.
3. આ પરવાનો લાયસન્સ ફીના ધોરણે જે-તે નાણાંકીય વર્ષની ૩૧મી માર્ચ સુધીના સમય માટે આપવામાં આવશે.
4. મોરબી મહાનગરપાલિકા દ્વારા જો હોર્ડીંગ બોર્ડની લાયસન્સ ફીના દરોમાં વર્ષ દરમ્યાન સુધારો કરવામાં આવે તો તે સંજોગોમાં સુધારો અમલમાં મુક્યાની તારીખથી લાયસન્સ ફીના તફાવતની રકમ ભરપાઈ કરવાની રહેશે.
5. લાયસન્સ ફીની ભરપાઈ કરેલ રકમ કોઈપણ સંજોગોમાં પરત માંગી શકાશે નહી.
6. અરજદાર/ એજન્સીનું મોરબી મહાનગરપાલિકાની ટેન્ડર સાઈટ માટેનું કોઈ પણ પેમેન્ટ ચુકવવાનું બાકી હશે તો તે બાકી પેમેન્ટ ભરપાઈ કર્યા બાદ જ ખાનગી હોર્ડીંગ બોર્ડની મંજુરી આપવામાં આવશે. ટેન્ડર સાઈટ માટેનું કોઈ પણ પેમેન્ટ ચુકવવાનું બાકી હશે અથવા એજન્સી બ્લેકલીસ્ટ થયેલ હશે તો ખાનગી હોર્ડીંગ બોર્ડ સાઈટ માટે મંજુરી આપવામાં આવશે નહી.
7. જે મિલકત પર હોર્ડીંગ બોર્ડ ઉભુ કરવા માંગતા હોય તે મિલકતનો મોરબી મહાનગરપાલિકાનો ચાલુ વર્ષનો પ્રોપર્ટી ટેક્ષ ભરપાઈ કર્યાની પહોંચ અરજી સાથે રજુ કરવાની રહેશે.
8. આ પરવાનો ખાનગી જગ્યા / મિલકતમાં જાહેરાત કરવા પુરતો મર્યાદિત છે. મહાનગરપાલિકાના અન્ય ટેક્ષ, કરવેરા તથા સરકારશ્રીના ટેક્ષ, કરવેરા, ચાર્જીસ વિગેરે મિલકતના પ્રથમ કરપાત્ર વ્યક્તિએ ભરવાના રહેશે.
9. આ કામે અન્ય સરકારી વિભાગોની મંજુરીની આવશ્યકતા હોય તો તે અરજદારે સ્વખર્ચે મેળવવાની રહેશે.
10. આ જાહેરાતના બોર્ડ કે સ્ટ્રક્ચરથી કોઈ વ્યક્તિ કે મિલકતને નુકશાન થશે તો તે અંગેની ખર્ચ સહિતની સઘળી જવાબદારી અરજદારની રહેશે.
11. જી.ડી.સી.આર.ના નિયમોનુસાર હોર્ડીંગ બોર્ડની મંજુરી આપવા કે નહી આપવા અંગે ટી.પી. વિભાગનો સ્પષ્ટ અભિપ્રાય મળ્યા બાદ એસ્ટેટ વિભાગમાંથી હોર્ડીંગ બોર્ડ અંગેની પરવાનગી આપવામાં આવશે.
12. મોરબી મહાનગરપાલિકા દ્વારા નિયત કરવામાં આવેલ હોર્ડીંગ બોર્ડની નિયમોનુસારની સાઈઝ માટે જ પરવાનો આપવામાં આવશે.
13. હયાત બિલ્ડીંગની ઉપર લાઈટ, વેન્ટીલેશન બંધ થતુ હોય, અંતરાયરૂપ હોય, મકાનના સુંદર દેખાવને અવરોધતુ હોય કે અન્ય કારણોસરની ફરીયાદ આવશે અને જો મોરબી મહાનગરપાલિકાને યોગ્ય લાગશે તો તે પ્રકારના બોર્ડ મુકવાની પરવાની અપાશે નહી અથવા આપેલ પરવાનગી રદ કરી શકાશે.

14. પ્લોટ બાઉન્ડ્રી અંદર મુકવામાં આવતા જાહેરાતના બોર્ડ માટે આજુબાજુની આવેલ જગ્યા/મિલકત તરફના ફ્રન્ટેજનો ઉપયોગ કરી શકાશે નહી.
15. મોરબી મહાનગરપાલિકાની મિલકત કે મોરબી મહાનગરપાલિકાની સ્ટ્રીટલેન્ડ ઉપરના ટેન્ડર સાઈટવાળા બોર્ડ અથવા ભવિષ્યમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા નવી ટેન્ડર સાઈટ નક્કી થયે મોરબી મહાનગરપાલિકાના હક્કને બાધ ન આવે તે શરતે અથવા વાંધો નહી લેવાની શરતે બોર્ડ મુકવાની મંજુરી આપવામાં આવશે.
16. હયાત મિલકત ઉપર જાહેરાતના બોર્ડ મુકવા માટેના સ્ટ્રક્ચર અંગે સ્ટ્રક્ચરલ ડીઝાઈન પ્લાન, સ્ટ્રચક્ચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ તથા મકાનની સ્ટેબીલીટી અંગેનું સર્ટીફીકેટ કોર્પોરેશન દ્વારા માન્ય લાયસન્સ ધરાવનાર સ્ટ્રક્ચરલ એન્જીનીયર મારફતે રજુ કરવાનું રહેશે.
17. મોરબી મહાનગરપાલિકાના સક્ષમ અધિકારીશ્રી કોઈપણ આપેલ પરવાનો રદ કરવા હક્કદાર રહેશે.
18. જાહેરાતના બોર્ડ ઉપર જે તે એજન્સીએ તેમની પેઢીનું નામ તથા મોરબી મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ પરવાનગી નંબર તેમજ મુદ્દત સ્પષ્ટ રીતે વાંચી શકાય તે રીતે દર્શાવવાના રહેશે.
19. નિયત સમયમાં લાયસન્સ ફી ભરેલ નહી હોય તેવા બોર્ડ પરવાનગી વિનાના ગણવામાં આવશે અને મોરબી મહાનગરપાલિકા કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય તે દુર કરવાને હક્કદાર રહેશે અને તે બાબતે અરજદારનો કોઈ વાંધો ધ્યાને લેવામાં આવશે નહી.
20. રોડ ટ્રાફિક સાઈન સિગ્નલમાં વિઝનમાં અંતરાયરૂપ થાય તે રીતે બોર્ડ મુકી શકાશે નહી.
21. ઐતિહાસિક કે મહત્વની ઈમારતો, પ્રતિમાઓના વિઝનમાં અંતરાયરૂપ થાય તેવી રીતે બોર્ડ મુકી શકાશે નહી. તેમજ અન્ય કાયદેસર મંજુર થયેલ હોર્ડીંગને અડચણરૂપ થાય તેવી રીતે બોર્ડ મુકી શકાશે નહી.
22. બાગ-બગીચા કે વૃક્ષોથી આચ્છાદીત વિસ્તારને અડીને બોર્ડ મુકી શકાશે નહી.
23. વાહન ચાલકોને વાહન ચલાવવામાં તકલીફ ઉભી કરે તેવા પ્રકાશિત કે નિયોન સાઈન/એલ.ઈ.ડી. જાહેરાતના બોર્ડ મુકી શકાશે નહી.
24. સરકારશ્રીના નિયમો વિરૂધ્ધની, જાહેર જનતાના માનસ પર વિકૃત અસર કરે તેવી, હિંસાત્મક કે બિભત્સ લખાણ-ફોટા વિગેરેની જાહેરાતો રાખી શકાશે નહી.
25. આસપાસના વસવાટના વિસ્તારમાં અગવડ/ત્રાસરૂપ થાય તેવી પ્રકાશિત જાહેરાત કે નિયોન સાઈન/એલ.ઈ.ડી. બોર્ડ મુકી શકાશે નહી.

ઉપરોક્ત તમામ શરતો અમો એ જાણમાં લીધેલ છે, જે અમોને કબુલ-મંજુર છે અને તે મુજબ કાર્યવાહી કરવા અમો આથી લેખિત બાહેંધરી આપીએ છે.

અરજદારની સહી પેઢીના સિક્કા સાથે : ..............................................................

અરજદારનું પુરુ નામ : ..............................................................................